E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 342 * Date: 02.10.2024,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ગુજરાતમાં અદાણીના પોર્ટમાં ડ્રગ્સ ઝડપાયું, પરંતુ શું તેમની વિરુદ્ધ કાર્યવાહી કરાઈ?: રાહુલ ગાંધી



હરિયાણા વિધાનસભાની ચૂંટણી નજીક આવી ગઈ છે, ત્યારે તમામ પાર્ટીના નેતાઓ દમદાર ચૂંટણી પ્રચાર કરવામાં જોતરાઈ ગયા છે. આ ક્રમમાં આજે કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં રાજયમાં વિજય સંકલ્પ યાત્રા યોજાઈ હતી. આ દરમિયાન રાહુલ ગાંધીએ સોનીપતમાં જનસભા સંબોધી વડાપ્રધાન મોદી, ભાજપ, આરએસએસ, અદાણી અને અંબાણીનો ઉલ્લેખ કરી અનેક પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, 'કોંગ્રેસ નેતા શેર છે, આરએસએસમાં દમ નથી. આ લોકો મને જોઈને છુપાઈ જાય છે. હું ભાજપ અને મોદીથી નફરત કરતો નથી.' આ દરમિયાન રાહુલે બંધારણની ડાયરી પણ બતાવી હતી અને ગુજરાતમાં અદાણી પોર્ટ પર ઝડપાયેલું ડ્રગ્સ અને અંબાણી લગ્નનો ઉલ્લેખ પણ કર્યો હતો.

રાહુલ ગાંધીએ જનસભા સંબોધતી વખતે વડાપ્રધાન મોદીનો ઉલ્લેખ કરી કહ્યું કે, જ્યારે પણ હું લોકસભામાં ભાષણ આપું છું, ત્યારે વડાપ્રધાન મોદી ત્યાંથી જતા રહે છે. તેમણે એમ પણ કહ્યું કે, કોંગ્રેસ નેતા શેર છે, પરંતુ આરએસએસના લોકોમાં દમ નથી. તેઓ મને જોઈને છુપાઈ જાય છે.

રાહુલ ગાંધીએ જાહેરસભામાં અદાણીનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે વડાપ્રધાનને પૂછ્યું કે, 'ગુજરાતમાં અદાણીના પોર્ટમાં ડ્રગ્સ ઝડપાયું હતું, પરંતુ શું તેમની વિરુદ્ધ કાર્યવાહી કરાઈ? તમે આ બાબત હરિયાણાની જનતાને જણાવો.'

તેમણે કહ્યું કે, 'ભાજપ બંધારણ પર હુમલો કરી રહી છે. વડાપ્રધાન મોદી અદાણીને મદદ કરવા માટે ત્રણ કાળા કાયદા લાવી, ખેડૂતોની જિંદગી ખતમ કરવા માટે કાયદો લાવી, તેઓ આ કાયદાઓ લાવીને બંધારણ પર હુમલો કરી રહ્યા છે. અમે બંધારણની સુરક્ષા કરી રહ્યા છીએ. તમારા નાણાંથી અંબાણીના લગ્નમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જો એક ખેડૂતે લગ્નનું આયોજન કરવું હોય તો તેણે દેવામાં ડૂબીને જ આયોજન કરવું પડે છે. આમ આ બંધારણ પર હુમલો નથી તો શું છે?'

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હરિયાણા વિધાનસભા ચૂંટણીનો પ્રચાર કરવા માટે બે દિવસથી રાજ્યની મુલાકાતે છે. રાહુલની ઉપસ્થિતિમાં વિજય સંકલ્પ યાત્રા ૩૦ સપ્ટેમ્બરથી નારાયણગઢથી શરૂ થઈ હતી અને કુરુક્ષેત્રના થાનેસર પહોંચીને પૂર્ણ થઈ હતી. જ્યારે આજે બહાદુરગઢથી યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. આજે બીજા દિવસે યાત્રા અનેક સ્થળેથી પસાર થઈ સોનીપત પહોંચી હતી, જ્યાં રાહુલ ગાંધીએ જાહેસભા સંબોધી હતી. આ સાથે જ યાત્રાનું સોનીપતના ગોહાનામાં સમાપન થયું હતું.

## સપ્ટેમ્બરમાં મચ્છરના ઉપદ્રવથી ૬૬૨ લોકો બીમાર:મચ્છરજન્ય રોગના રોજ સરેરાશ ૨૩માંથી ૧૭ કેસ ડેન્ગ્યુના નોંધાયા

સપ્ટેમ્બરમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવી મચ્છરજન્ય બિમારીના ૬૬૨ કેસ નોંધાયા હતા. રોજના સરેરાશ ૨૩ દર્દી સામે ૧૭ને તો ડેન્ગ્યુનો ચેપ લાગ્યો હતો. મ્યુનિ.એ આ રોગચાળો ડામવા ઘરોમાં મચ્છરની ગીચતા માપવા ઝુંબેશ ચલાવી હતી. સૌથી વધુ મચ્છર રાણીપ, વાસણા, સરખેજ અને બહેરામપુરા વોર્ડમાં બહેરામપુરા વોર્ડમાં જોવા મળ્યા હતા.મ્યુનિ.ના સરવે મુજબ બહેરામપુરા વોર્ડમાં આવેલા ઘરોમાં એક રૂમમાંથી સરેરાશ સૌથી ?વધુ ૮ મચ્છર મળ્યા હતા. જયારે સરખેજ વોર્ડના કેટલાક ઘરોમાં આ પ્રમાણ ૬, રાણીપમાં ૫, વાસણામાં ૫, વસ્ત્રાલમાં ૪, અમરાઈવાડીમાં ૫, સરસપુરમાં ૫ મચ્છરનું હતું. સરખેજ વોર્ડના ઘરોમાં ડેન્ગ્યુ ફેલાવતા એડિસ મચ્છરની ગીચતા જોવા મળી હતી. દરમિયાન સપ્ટેમ્બરમાં શહેરમાં મેલેરિયાના ૧૦૨, ઝેરી મેલેરિયાના ૮, ડેન્ગ્યુના ૪૯૪, ચિકનગુનિયાના ૫૮ કેસ મ્યુનિ. ચોપડે નોંધાયા હતા. ખાનગી હોસ્પિટલોમાં આવેલા ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસનો આમાં સમાવેશ થતો નથી. મચ્છરજન્ય રોગને કાબુમાં લેવા સપ્ટેમ્બરમાં જ મ્યુનિ.એ અંદાજે ૧ લાખ બ્લડ સેમ્પલ લઈ ટેસ્ટ કરાવ્યા હતા. ડેન્ગ્યુની તપાસ માટે ૧૨૫૦૭ સિરમ સેમ્પલ લેવાયા હતા. ૨૯૭૩૧ એકમને મચ્છરના ઉપદ્રવ બદલ નોટિસ આપઈ હતી.નિયત કરેલા એક રૂમમાં સફેદ ચાદર પાથરવામાં આ?વે છે. તેમાં ચોક્કસ પ્રકારનો ધુમાડો છોડવામાં આવતાં મચ્છરો મરીને આ ચાદરમાં પડતાં હોય છે. જેને ગણીને એક રૂમમાં કેટલા મચ્છર હતા તેને આધારે ડેન્સિટી માપવામાં આવે છે. જો ૫થી વધારે ડેન્સિટી હોય તો તે મચ્છરજન્ય રોગના ફેલાવા માટે જોખમી ગણવામાં આવે છે. મચ્છરો એક બીજામાં રોગના લક્ષણો ફેલાવી લોકોને કરડતાં હોવાથી બીમારી વધુ ફેલાય તેવું માનવામાં આવે છે.

## અમદાવાદમાં વૃદ્ધાશ્રમની સંખ્યા ૪ વર્ષમાં ૧૫થી વધી ૪૨ થઈ વિદેશમાં સ્થાયી સંતાનો, આર્થિક કારણો વધારા માટે જવાબદાર



સંયુક્ત પરિવાર હવે વિભક્ત કુટુંબમાં ફેરવાઈ રહ્યા છે. નોકરી વ્યવસાય માટે સંતાનો દેશમાં દૂરના શહેરોમાં તેમજ વિદેશમાં સ્થાયી થતાં સિનિયર સિટિઝન માતા-પિતા એકલતાનો સામનો કરી રહ્યા છે. ૨૦૨૦માં અમદાવાદમાં માત્ર ૧૫ વૃદ્ધાશ્રમ હતા પરંતુ ૪ વર્ષમાં વધીને ૪૨ થઈ ગઈ છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, તમામ વૃદ્ધાશ્રમ હાઉસફૂલ થઈ ગયા છે અને વેઈટિંગ લિસ્ટ પણ લાંબું થઈ રહ્યું છે. વૃદ્ધાશ્રમમાં આવતા સિનિયર સિટિઝનમાંથી મોટાભાગના મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના છે. હેલ્પ એજ ઈન્ડિયાના ડાયરેક્ટર નિલેશ નલવાયાના જણાવ્યા અનુસાર, સંતાનોના વર્તણૂકની સમસ્યા, વિદેશમાં સ્થાયી થયેલાં સંતાનો જેવાં પરિબળોને લીધે વૃદ્ધાશ્રમની સંખ્યા વધી રહી છે.વૃદ્ધાશ્રમમાં વધારા માટે આ કારણો પણ જવાબદાર છે. સંતાન નોકરી-વ્યવસાય માટે અન્ય શહેર કે વિદેશમાં સ્થાયી થયા પછી વડીલો એકલા પડી જાય છે. સંતાનમાં એકમાત્ર દીકરી હોય તો તેના લગ્ન પછી માતા-પિતાએ વૃદ્ધાશ્રમમાં પ્રવેશ લેવો પડે છે. કેટલાક કિસ્સામાં પરિવાર તરફથી તિરસ્કાર કે ઉપેક્ષાને કારણે વૃદ્ધાશ્રમમાં આવતા વડીલોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

યુએન દર વર્ષે ૧ ઓક્ટોબરને વિશ્વ વડીલ દિવસ ગણે છે. આની પાછળનો મુખ્ય હેતુ સિનિયર સિટિઝનના જીવનધોરણને ઉચ્ચકક્ષાએ લઈ જવાનો છે. આ દિવસે વડીલોના હીતને લગતા જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવતા હોય છે.

# કલ્ચરલ ફોરમના ગરબાની તૈયારીઓને આખરી ઓપ આ વર્ષે ગરબામાં ૫૧ શક્તિપીઠની આભાની અનુભૂતિ થશે

ગાંધીનગરના યુવાધન સહીત સૌ કોઈને ૩૦ વર્ષથી શ્રેષ્ઠ અને સલામત ગરબાના આયોજન માટે જાણીતું ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા વર્ષે સેક્ટર-૧૩બીના વિશાળ મેદાનમાં રમ્ય, દિવ્ય અને ભવ્ય વાતાવરણમાં ગરબાનું આયોજન કરાયું છે. ઉલ્લેખનીય છે કે, કલ્ચરલના ગરબામાં આ વર્ષે કલા અને ટેક્નોલોજીના અદ્ભુત સમન્વયથી ખેલૈયાઓ અને પ્રેક્ષકોને ૫૧ શક્તિપીઠના આશીર્વાદ અને આભાની પ્રતિતિ થશે.

પરંપરાગત અને ભાતીગળ ગરબા માટે ગુજરાતભરમાં જાણીતા ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં આ વર્ષે ભારતના ૫૧ શક્તિપીઠની ઊર્જાની અનુભૂતિ થશે. ગાંધીનગરના સેક્ટર-૧૩બીમાં વિશાળ મેદાનમાં યોજાઈ રહેલા કલ્ચરલના ગરબામાં આ વર્ષે કલા અને ટેક્નોલોજીના અદ્ભુત સમન્વયથી ખેલૈયાઓ અને પ્રેક્ષકોને ૫૧ શક્તિપીઠના આશીર્વાદ અને આભાની પ્રતિતિ થશે. આ અવસરે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં ખેલૈયાઓને ૩૦ વર્ષથી અનુભવાતી એજ દિવ્યતા અને ઉષ્માની અનુભૂતિ થાય એવું આયોજન કરાયું છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં મુખ્ય મંચ પર ૫૧ શક્તિપીઠ બિરાજમાન હશે. વિશાળ ગુંબજ નીચે મધ્યમાં મા જગદંબાની ૧૭ ફૂટ ઊંચી ભવ્ય અને દિવ્ય મૂર્તિની સ્થાપના કરાશે. આસપાસ ૫૦ ગોખમાં અન્ય ૫૦ શક્તિપીઠના સ્વરૂપો દૈદિપ્યમાન હશે. પ્રત્યેક શક્તિપીઠની દૈવીશક્તિના મર્મની



અનુભૂતિ થાય એવા દિવ્ય સ્વરૂપો આઈપેડ પર ડિજિટલ આર્ટથી-હાથથી તૈયાર કરવામાં આવ્યા છે.૫૧ શક્તિપીઠની યાત્રાનો આરંભ ભવ્ય પ્રવેશદ્વાર અને પંડાલથી થાય છે. વિવિધ રંગો અને ફેબ્રિક પર પ્રિન્ટ કરેલી ડિજિટલ કલાકૃતિઓથી પ્રવેશદ્વારમાં પ્રવેશતાં જ લોકોને અલૌકિક અનુભૂતિ થશે. બંગાળની અનુભૂતિ કરાવતા આ સ્થાનમાં આઠ ફૂટ ઊંચી માતા દુર્ગાની ભવ્ય પ્રતિકૃતિ રાજસી સ્વરૂપે બિરાજમાન છે. ગણેશજી, કાર્તિકેય, સરસ્વતી અને લક્ષ્મીજી સાથે બિરાજમાન માતા દુર્ગા ગરબામાં પ્રવેશતાં જ માહોલની પવિત્રતાનો સંસ્પર્શ કરાવશે.ગુજરાતના સિદ્ધહસ્ત ગાયક કલાકારો સંગીતકારો પ્રતિવર્ષની જેમ પરંપરાગત ગરબાઓથી



ગાંધીનગરનું ગગન ગજવશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાની એ પણ એક વિશેષતા રહી છે કે, પ્રેક્ષકો અને શ્રોતાઓ ખાસ ગરબા સાંભળવા આવે છે. વડોદરાના ગરબાને લોકપ્રિય બનાવવામાં જેનું નોંધપાત્ર યોગદાન છે એવા સુપ્રસિદ્ધ ગાયિકા નિશા ઉપાધ્યાય કાપડીયા આ વર્ષે કલ્ચરલના ગરબામાં ગાશે. આ ઉપરાંત પ્રહર વોરા, આશિતા અને અમીપ પ્રજાપતિ, પાયલ શાહ, અભિતા પટેલ અને અંકિત ત્રિવેદી, દર્શના ગાંધી ઠક્કર તથા દિપ્તી દેસાઇ અને અમીત ઠક્કર ધૂમ મચાવશે. આવા સુરિલા ગાયકોના તાલે રમવું એ લ્હાવો છે.ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડમાં ફૂડ સ્ટોલ્સનું વૈવિધ્ય ખાણીપીણીના રસિયાઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની રહેશે. ગાંધીનગરની સુપ્રસિદ્ધ સ્ટ્રીટ ફૂડ બ્રાન્ડસ પોતાના સ્વાદિષ્ટ વ્યંજનો સાથે ખેલૈયાઓ - પ્રેક્ષકોની પેટપૂજા કરાવવા આતુર છે. સલામતીના તમામ ધારાધોરણોના પાલન સાથેની વ્યવસ્થા, શિસ્તબદ્ધ સલામતી રક્ષકો અને સંયમિત સ્વયંસેવકો ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં અનોખી સલામતીની અનુભૂતિ કરાવશે.

વધુમાં કૃષ્ણકાન્ત જહાએ ઉમેર્યું કે, ખેલૈયાઓ મન મુકીને ગરબે રમી શકે એ માટે પરંપરાગત રીતે કંતાનથી ઢાંકીને વિશાળ આંગણુ તૈયાર કરવામાં આવ્યું છે. ખેલૈયાઓ મોકળાશથી રમી શકે અને પ્રેક્ષકો હળવાશથી ગરબા માણી શકે એટલી વિશાળતા અને ભવ્યતાથી સલામતીભર્યું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રીના આયોજન માટેની તમામ ગાઈડલાઈન્સનું ચૂસ્ત પાલન થાય તે પ્રકારે વ્યવસ્થા કરવામાં આવી છે. જય અંબે પરિવાર દ્વારા ગાંધીનગરથી પગપાળા સંઘ સાથે અંબાજી જતા માતાજીના રથનું પણ અહીં સ્થાપન કરાશે. જેમાં શક્તિપીઠ અંબાજીના ગર્ભગૃહથી આણેલી દીપજયોત નવરાત્રી દરમિયાન અખંડ પ્રજવલિત રહેશે.ગરબામાં ગાંધીનગરનું નામ વધુ વિખ્યાત થાય અને ગાંધીનગરના ગરબા પ્રેમીઓને રમ્ય, દિવ્ય અને ભવ્ય વાતાવરણ આપવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ ૩૦ વર્ષથી પ્રતિબદ્ધ છે. આ વર્ષે પણ આ પરંપરાને ગરિમાભેર આગળ વધારવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ નમ્ર પ્રયાસ કરી રહ્યું છે.

## તંત્રી સ્થાનેથી..

# ઈન્કમ ટેક્સ ઑડિટ રિપોર્ટ ફાઈલ કરવાની મુદત લંબાવાઈ

ઈન્કમ ટેક્સ ઑડિટ રિપોર્ટ ફાઈલ કરવાની અંતિમ મુદત વધુ સાત દિવસ લંબાવવામાં આવી છે. આઈટીઆરની વેબસાઈટ પર ફાઈલિંગમાં સમસ્યાઓ નડી રહી હોવાની ફરિયાદો બાદ સીબીડીટીએ ઑડિટ રિપોર્ટ ફાઈલ કરવાની મુદત લંબાવી ૭ ઑક્ટોબર કરી છે. જે અગાઉ ૩૦ સપ્ટેમ્બર હતી.સીબીડીટીએ નોટિફિકેશન જારી કરી જણાવ્યું હતું કે, આકારણી વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષ દરમિયાન ટેક્સ ઑડિટ રિપોર્ટ ફાઈલ કરવાની મુદતમાં વધારો કરી આપવામાં આવ્યો છે. કરદાતાઓ તેમને મળેલા વધારાના સાત દિવસનો લાભ લઈને ઑડિટ રિપોર્ટ ફાઈલ કરી દેશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.વ્યક્તિગત કરદાતાઓ, કંપનીઓ અને અન્ય તમામ કરદાતાઓ કે જેમણે તેમના રિટર્ન પર ઑડિટ રિપોર્ટ ફાઈલ કરવાનો છે, તે તમામને મુદત વધારાનો લાભ થશે. ઈ-ફાઈલિંગ પોર્ટલ પર રિટર્ન અને ઑડિટ રિપોર્ટ ફાઈલિંગમાં અડચણો નડતાં કેન્દ્રીય નાણા મંત્રી સમક્ષ અનેક ફરિયાદો કરવામાં આવી હતી. જેને ધ્યાનમાં લેતાં સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સીસે મુદતમાં વધારો કરી આપ્યો છે. આઈટીઆર વેબસાઈટ પર ટેક્નિકલ ખામી અને વધુ પડતાં ફાઈલિંગના કારણે લોડ વધી ગયો હતો. ખાસ કરીને ફોર્મ ૧૦એ/૧૦એબીઅને અન્ય ફોર્મ ફાઈલિંગમાં અડચણો આવી રહી હતી. જેની ડેડલાઈન ૭ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવા માગ કરાઈ હતી.

# નાની વાત

વાતમાં કોઈ દમ ન હતો. નાની વાત મોટું મહાભારત સર્જે છે. છતાં પણ માનવી તેમાંથી કોઈ પાઠ ભણતો નથી. ગઈ કાલે 'હાસ્ય દરબાર' નામના મેળાવડામાં ગઈ હતી. શુદ્ધ ગુજરાતી. જરા પણ અભદ્ર ભાષા નહી. આવા કાર્યક્રમોમાં મને નિર્બંધ હસવાની મજા આવે છે.

તેનું મુખ્ય કારણ મારા મત પ્રમાણે, 'વક્તાની ભાષાનો દરેક શબ્દ સમજી શકું છું'.

અમેરિકા વસવાટ કરી આપણે આધુનિક થઈ ગયા. અંગ્રેજીમાં લોચા પડે ને ગુજરાતી સમજાય નહી. કહેવાય છે 'બાવાના બે બગડ્યા. વક્તા ખૂબ પ્રસિદ્ધ હતા. તેમણે ખુલ્લા દિલે કબૂલ કર્યું,' મારી વાત નો મસાલો રોજબરોજની જિંદગીમાંથી મળે છે. આખી દુનિયા ફરું એટલે ઘણા લોકોના સંપર્કમાં આવવાનું થાય.'

અનુભવ ઘણું શીખવે છે. જેને હું હાસ્ય પ્રસંગોમાં વણી લઉં છું. આ વાત સો ટકા સાચી છે. ઉંમર અને આંખોને કારણે વાંચન ખૂબ ઝૂઝ છે. સમય મળ્યે 'ગીતા તેમજ આધ્યાત્મિક ' પુસ્તકો વાંચવા ગમે છે.

છતાં રોજ નવી વાર્તાનો મસાલો મળી રહે છે. વાત સામાન્ય હતી. બધા મિત્રો સાથે બેસીને ચા માણી રહ્યા હતા. ચા સાથે ગાંઠિયા, વઘારેલા મરચા, ખારી બિસ્કિટ અને જલેબી હોય તો મજા બમણી થઈ જાય.

પછી કેટલા કપ ચા પીવાય ,તે ગણવાનું નહિ. વાતમાં ને વાતમાં મારી બહેનપણીના હાથ વધારે ચાલવા લાગ્યા અને ચાના કપને મસ્ત તમાચો વાગી ગયો.

વાતાવરણમાં આસમાન જમીનનો ફરક પડી ગયો. બધા નેપકીન લેવાને દોડાદોડ કરવા લાગ્યા. ચા થોડી ગાંઠિયાના કચોલામાં ઢોળાઈ હતી.

રસોડામાં જઈ નવું કચોળું લઈ આવી  ઠાલવી દીધો..બધું સાફ કરતા પંદર મિનિટ નીકળી ગઈ. નસીબદાર હતા કે થોડી ચા હજુ તપેલીમાં વધી હતી. તેને ફરીથી કપ ભરી આપ્યો.

એકદમ સોપો પડી ગયો. ગમગીની છવાઈ ગઈ. મિત્રોની મંડળી બેઠી હોય ને સોપો પડી જાય. મારા મનમાં વિચાર આવ્યો.વાતાવરણને ઉલ્લાસમય બનાવવું પડશે.

દસ વર્ષ પહેલા અમે મિત્રો ભેગા થયા હતા. લગભગ ૨૫ જણા હતા. જમવાની તડામાર તૈયારી ચાલતી હતી. બધું ખાવાનું ગરમ થઈને ટેબલ ઉપર ગોઠવાઈ રહ્યું હતું

ટેબલ ઉપર સરસ મજાનો મખમલની ચાદર પાથરી હતી. ગરમ તપેલું મૂકવા નીચે બરાબર સગવડ કરી હતી. છતાં, કાચ તૂટવાનો અવાજ આવ્યો. ટેબલ ની નજીક ઉભેલા વારાફરતી બધા તપેલા પકડી રહ્યા. છતાં શાક અને ભાત જમીન પર ઢોળાયું. ચારે બાજુ હિન્દુસ્તાન, પાકિસ્તાનનો નકશો થયો.

હાથમાં પકડેલા બધા તપેલા પાછા રસોડામાં ગયા. બધા ચારે બાજુથી ઝાડુ, ટુવાલ અને સૂપડું લઈ કામે વળગ્યા.

અચંબામાં હું નીરખી રહી જેનું ઘર હતું એ પતિ અને પત્ની એક પણ શબ્દ બોલ્યા વગર સહુ ને સાફ કરવાની વસ્તુ આપી કામે વળગ્યા હતા.

એટલામાં એક મિત્ર નજીકની હોટલમાંથી ભાત અને શાક લઈને આવી પહોંચ્યો. જાણે કાંઈ નથી બન્યું એવી રીતે સહુ વર્તન કરવા લાગ્યા. મિજબાનીની મજા ચાલુ રહી. એ રાતનું જમણ મારા દિલમાં કોતરાઈ ગયું.

જગ જાહેર છે, દોરેલી લીટીને ભુંસ્યા વગર મોટી કરી દો. કેટલું સહેલું છે નીચે નાની લીટી દોરી દો. આપોઆપ લીટી મોટી થઈ જશે. જીવન છે, આવું બધું તો ચાલ્યા કરે. જો ઉપર વાળો પ્રસંગ ન કહ્યો હોત તો શું થાત તેની કલ્પના પણ ન કરશો.
ચા ને કારણે થયેલા તોફાનની નાની વાત ક્યાં દબાઈ ગઈ. બીજા બે કલાક પછી સહુ છૂટા પડ્યા.

# ગુસ્સાને પ્રેમથી શાંત કરો -સંત રાજીન્દર સિંહજી મહારાજ

ઘણીવાર આપણે જોઈએ છે કે આ સંસારના લોકોમાં ગુસ્સો અને હિંસા બહુ જ વધારે ફેલાયેલી છે. દરેક શહેર, ગામ અને દરેક ઘરમાં ગુસ્સાના વિસ્ફોટ થતા રહે છે. ગુસ્સાની પ્રતિક્રિયામાં બીજા લોકો દ્વારા વધારે ગુસ્સાથી જવાબ આપવો તે આગમાં ઘી હોમીને તેની જ્વાળાઓ ફેલાવવા સમાન છે. આપણે આગની આ જ્વાળાઓ ને હવા આપીને બુજાવી  શકતા નથી. આપણે આગને ઠંડી કરવી જ પડે છે. આજ રીતે ગુસ્સાની આગમાં વધારે અધિક ક્રોધ થી આપણે તને રોકી શકતા નથી.
આપણે ક્રોધને ફક્ત અહિંસા થી સમાપ્ત કરી શકીએ છીએ. આપણે રોજ ઘણી એવી પરિસ્થિતિ થી પસાર થઈએ છીએ જે આપણને પરેશાન કરી દે છે. વસ્તુઓ આપણા અનુસાર ચાલતી નથી. લોકો એવું નથી કરતાં જેવું આપણે ઈચ્છીએ છીએ અને તેઓ એવી વાતો કહે છે જે આપણને દુઃખ પહોંચાડે છે. જેના લીધે આપણી અંદર નકારાત્મક ભાવના વધે છે અને આપણને ક્રોધ આવા લાગે છે. આવા સમયે મન કાબુ માટે અલગ અલગ પ્રકારની પ્રતિક્રિયાઓ ની જરૂરત હોય છે. તે મુશ્કિલ તો થઈ જાય છે પણ આ અસંભવ નથી.
આપણે પ્રેમ દ્વારા જ ગુસ્સા ની અગ્નિ શાંત કરી શકીએ છીએ. વિવાદમાં એક વધારે ગુસ્સા નો અવાજ જોડવાની જગ્યાએ આપણે મીઠાશના મલમ દ્વારા બીજા ના ગુસ્સાને શાંત કરવાનો છે. આપણે વાતાવરણમાં ગુસ્સાના વિચારો દ્વારા હલચલ ઉત્પન્ન કરવાની જગ્યાએ પ્રેમના વિચારો મોકલીને વાતાવરણ શાંત કરી દેવું જોઈએ. બીજી વાર જ્યારે આપણે પોતાને કોઈ આવી પરિસ્થિતિમાં જોઈએ જ્યાં અન્યાય થઈ રહ્યો હોય તો ગુસ્સાની જગ્યાએ પ્રેમ સાથે જવાબ આપવાનો પ્રયત્ન કરી શકીએ છીએ. જો આપણે ક્રોધ થી ભવિષ્ય માં થવા વાળા પરિણામો ને ધ્યાનમાં રાખીએ તો થઈ શકે છે કે આપણે ક્રોધ ન કરીએ. માની લો કોઈએ આપણો ક્રોધ જગાવી દીધો તો આપણે પોતાની જાતને સમજાવી "જો આપણે ક્રોધિત વિચારો અથવા ક્રોધ થી ભરેલા વચન અને કાર્યોમાં લાગેલા રહીશું તો આપણે પોતાની જાતને કોઈ ફાયદો નથી પહોંચાડતા"આ વિચારથી ધીરે ધીરે આપણે ક્રોધ પર નિયંત્રણ કરતા શીખી શકીએ છીએ. આપણે પોતાની જાતને એવું પણ કહી શકીએ છીએ કે "જો હું ક્રોધ કરતો રહીશ તો પોતાના માટે જ સમસ્યા ઊભી કરીશ" આપણે એવું પણ વિચારી શકીએ છીએ કે "તે મનુષ્યએ મને દુઃખ પહોંચાડ્યું છે અને એવું કરીને તેને પોતાના માટે પણ મુશ્કેલી ઊભી કરી દીધી છે એવામાં શું મારે ક્રોધ કરવો જોઈએ અને પોતાની તકલીફોને વધારવી જોઈએ? જો આપણે ક્રોધથી પોતાના થવા વાળા નુકસાન પર ધ્યાન આપીશું તો આપણે પોતાના મનને સમજાવી શકીશું કે ગુસ્સા વાળી પરિસ્થિતિમાં પણ આપણે ક્રોધિત ન થઈએ.
ક્રોધ થી છુટકારો મેળવવા માટે એક બીજી રીત છે ધ્યાન અભ્યાસ. આ એક રીતનું ચક્ર છે-સફળ ધ્યાન અભ્યાસના માટે આપણે ક્રોધ પર વિજય પ્રાપ્ત કરવો પડે છે પરંતુ ક્રોધ પર વિજય મેળવવા માટે આપણે ધ્યાન અભ્યાસ કરવું જોઈએ. ભલે આપણે ધ્યાન અભ્યાસમાં કોઈપણ સ્તર પર હોઈએ, જેટલો પણ સમય આપણે ધ્યાન અભ્યાસમાં વિતાવીએ છીએ તે આપણને શાંત કરે છે જેથી આપણે કોઈપણ સ્થિતિમાં ક્રોધિત ન થઈએ. ધ્યાન અભ્યાસ આપણને શારીરિક રૂપથી ક્રોધ પર નિયંત્રણ મેળવવામાં મદદ કરે છે. ધ્યાન અભ્યાસ સમયે આપણા હૃદયના ધબકારા ધીમા થઈ જાય છે અને આપણા મસ્તિષ્કમાં ઉત્પન્ન થતી તરંગો પણ ધીમી થઈ જાય છે. આપણું શરીર અને મન વધારે તણાવ રહિત મહેસુસ કરે છે. આવી સ્થિતિમાં ક્રોધને વધવાના અવસર બહુ ઓછો મળે છે. જ્યારે આપણે શાંત હોઈએ છીએ અને આપણો ક્રોધ પણ શાંત થઈ જાય છે તો આપણે ધ્યાન અભ્યાસમાં વધારે સમય કાઢી શકીએ છીએ. આપણે જેટલો વધારે સમય ધ્યાન અભ્યાસમાં લગાવીએ છીએ તેટલા જ શાંત અને સંતુલિત થઈ જઈએ છીએ.
તો આવો આપણે પોતાના ગુસ્સા ને શાંત કરવાના માટે આપણા જીવનમાં અહિંસા અને પ્રેમના ગુણને ધારણ કરવાની સાથે સાથે પોતાનો વધારેમાં વધારે સમય ધ્યાન અભ્યાસમાં વિતાવીએ.
સાવન કૃપાલ રૂહાની મિશનની વધુ વિગતો માટે સંપર્ક કરો

સાવન કૃપાલ રૂહાની મિશન

# ગાંધીજી ભારતના રાષ્ટ્રપિતા નહીં પણ હિન્દૌસ્તા મુલ્કનાઅબ્બાજાન હતા?? છદ્મશ્રી સંભાજી ભીડેને પૂછો !!!

ગાંધીજી એક એવું વ્યક્તિત્વ છે કે તેની અવગણના કરવી તેના વિરોધી માટે મુશ્કેલ નહીં લેકિન નામુમકિન હૈ, ભીડું!! કેટલીક વાતોના વડા કરીને એકસ હૈ તો મુમકિન હૈ એવા કપોલકલ્પિત ભ્રમનગરમાં વસતા હોય છે!!આવા લોકોનું અસ્તિત્વ પાણીના પરપોટાની સવિશેષ શેષ નથી!! આવા ક્ષણભંગુર નેતાના શીરા માટે શ્રાવક થયેલા અનુયાયીઓ પ્રતિપળ મેવા આરોગવા સાહેબનો ગગનબોદો જયજયકાર કરવામાં ધન્યતા અનુભવે છે!!

રાષ્ટ્રના પ્રતિનિધિને વરણાગી વસ્ત્રોનો વિલાસ પોષાય નહીં એ સત્ય મહાત્માને સમજાયેલું . જે સત્ય કેટલાક ગીધ અને ઘુવડને આજે પણ સમજાતું નથી કે ડાયજેસ્ટ થતું ન હોય તેમ એક નૂર ટાપટીપ લાખ નૂર કપડાંને આત્મસાત કરી તરેહ તરેહના વસ્ત્રો ધારણ કરી મુઠી વેંત ઉંચા હોવાની વંચનામાં રાચે છે!! એમની મુલાકાત સમયે ગરીબોની વસ્તી પર કપડાંના આવરણો લગાવવામાં આવે છે. ગરીબ કલ્યાણની વાતોના વડા અને ગરીબોનો હાડેહાડ તિરસ્કાર એ આજના રાજકારણની તાસીર અને તસ્વીર છે!!નવા લોકો સવાયા અંગ્રેજો પુરવાર થયા છે!!

ગાંધીજી ચુંબક સમાન છે. ગાંધીજીની ચુંબકીય બળથી પ્રસંશકો, વિરોધીઓ, તટસ્થ વગેરે અદમ્ય આકર્ષણથી તેમના તરફ ખેંચાઇ આવે છે. જેમ ખીલી, બ્લેડ લોહચુંબકને ચોંટી જાય છે. તમને તમારા પરદાદા કે પરદાદાના દાદાનું નામ યાદ નહીં હોય! આ વાત હું દાવા( લેખકના દાવા ફાઉન્ટેન પેનથી લખાયેલ શબ્દો જેવા સાશ્વત હોય છે. જેના પર પાણીનું ટપકું પડે અને શબ્દો અસ્તિત્વ લોપ કરીને કાગળ પર ફેલાઇ જાય છે!!) સાથે કહેવા તૈયાર છું અલબત, ચુંબક પિતળ કે પ્લાસ્ટિકને આકર્ષી શકતું નથી એ વાત અલગ છે.

કેટલાક સ્વઘોષિત મહાત્માઓને ગાંધીજી આંખમાં પડેલા કણાની જેમ ખુંચે છે. ખુદ શેકેલો કે શેક્યા વગરનો પાપડ ભાંગવા માટે સમર્થ નથી અને ગાંધીજીએ શસ્ત્રો વિના કેવળ સત્ય અને અહિંસાના અમોઘ શસ્ત્રોથી અંગ્રેજો પાસેથી આઝાદી કેવી રીતે મેળવી એ હજુ પણ શીરાના કોળિયાની જેમ ગળે ઊતરતું નથી. બલ્કે,માછલીના કાંટાની જેમ ગળામાં ફસાયું છે. સાપે છંછૂદર ગળ્યા જેવું સેમ ટુ સેમ છે. છંછૂદર ગળે ઉતારે તો સાપ મરી જાય અને છંછૂદર બહાર કાઢે તો સાપ આંધળો થઇ જાય. ગાંધીજી જેવો ચમત્કાર હજારો વરસો પછી પણ કોઇ કરી શકે તેવી ક્ષિતિજે સંભાવના દ્રષ્ટિગોચર થતી નથી.ગાંધીજીની ઈર્ષા કરનાર પાસે પ્રજાને સંમોહિત કરી શકે તેવું કરિશ્મેટિક નામ નથી. જે નામને સહારે તરવા માંગે છે એ બેશક બુલબુલની પાંખ પર સવાર થઇ વિશ્વ ભ્રમણ કરી શકે છે.એનાથી સવિશેષ કોઇ ઉપલબ્ધિ કે સિધ્ધિ નથી!! ઓમ ધબાય નમઃ!!

ગાંધીજી બસો ટકા હિન્દુ હતા તે સાબિત થયેલ સ્વયંસિદ્ધ સનાતન અને સાશ્વત સમીકરણ છે!! ગાંધીજી પાસે રામનામનું બ્રહ્માસ્ત્ર હતું. ગાંધીની રામઆસ્થા જગજાહેર છે. આદર્શ રાજ્યની કલ્પના વખતે તેઓ હંમેશા રામરાજ્ય બોલતા. રામમનોહર લોહિયાએ ગાંધીજીને રામના વંશજ કહ્યા હતા. અયોધ્યાના ચુકાદામાં હિન્દુઓની આસ્થા ઉપરાંત ગાંધીજીના રામનામના જપ મહત્વના ગણી શકાય. રાજકારણી તરીકે ગાંધી જેટલું રામનામનું બ્રાન્ડિંગ હજી સુધી કોઇએ કર્યું નથી. અયોધ્યાના ચુકાદા અને ગાંધીજયંતીને ઝાઝુ છેટું નહોતું. આ યોગાનુયોગને કદાચ આપણી પરંપરા મુજબ 'રામયોગ' પણ કહી શકાય. મહાત્મા ગાંધી જ્યારે નાના હતા એટલે કે મહાત્મા તરીકે પણ નહિ અને ગાંધી તરીકેની પણ તેમની ઓળખ નહોતી ત્યારે તેમને અંધારાનો અને ભૂતનો બહુ ડર લાગતો હતો. તેમની દાઇ રંભાએ ગાંધીજીને કહેલ કે ડર લાગે તો રામ નામ બોલવું. ગાંધીજીએ પછીથી સ્વીકાર્યું હતું કે રામનામના શસ્ત્રને લીધે કાયમ માટે મારો ડર દૂર થયો હતો. એક રીતે મોહન (કૃષ્ણ!)નામના આ છોકરાની બીક રામનામે ઊડાડી હતી.બાપુને રામનામના કરતાં રંભા ઉપર વધારે શ્રદ્ધા હતી !!
જનમાનસ પર રામ અને ગાંધીજીનો કરિશ્મા છે જ. ગાંધીજી હંમેશા પ્રાર્થના પછી ધૂન ગવડાવતાઃ રઘુપતિ રાઘવ રાજારામ.. - ગાંધીજીએ કહ્યું હતું રામનામ મારા માટે અમોઘ શક્તિ છે.

કેટલાક લોકોના પ્રીતિપાત્ર એવા કનિષ્ઠ નાથુરામે બિરલા મંદિર દિલ્હી ખાતેની પ્રાર્થનાસભામાં ગાંધીજીના ચરણસ્પર્શનું નાટક કરી બાપુને નહીં પણ સમગ્ર રાષ્ટ્રને ગોળી મારી ત્યારે મરણાસન્ન બાપુના અંતિમ શબ્દો હે રામ હતા!!બાપુ કે બાપુના પરિવારના હિન્દુ હોવા વિશે કોઇને પણ શંકાકુશંકા કરવાનો સહેજે અધિકાર છે ખરો!??

આઝાદી પછીના સમયમાં ગાંધીજીને હિંદુવિરોધી ચિતરવામાં આવતા રહ્યા છે!, કેટલાક કટ્ટર હિંદુઓ માનવા માંડ્યા કે ગાંધીજી હિંદુઓને અન્યાય કર્યો હતો!!ઝીણા જેવા રાજકારણી તેમને હંમેશાં શંકાની રીતે જોતા અને તેમને માસ્ટર સ્ટ્રેટેજિસ્ટ માનતા.

કેટલાક વોટસએપ યુનિવર્સિટીના હોનહાર સ્કોલરો રાતદિવસ ગાંધીજીની કૂથલી કરવાને જીવનકવન માને છે!! હાડેહાડ હિન્દુ એવા ગાંધીજીને સુન્ની , શિયા, ખોજા , પસમાંદા મુસ્લિમ બનાવવાનો ક્ષુદ્રરથ પ્રયત્ન કરવા અફવાનો સમુદ્રમંથન કરી નફરત, ઉન્માદ, કૌમી વૈમનસ્યનો વિષકૂંપ મેળવવાનાં સફળ રહ્યા છે!!રઘુપતિ રાઘવ રાજા રામ ભજનમાં ઈશ્વર-અલ્લાહ શબ્દ ઉમેરો કર્યો તો કયો સનાતન ધર્મ રસાતાળ ગયો.ગાંધીજી ઉપરાંત પંડિત નહેરૂ, ફિરોઝ ગાંધીને મુસ્લિમ જાહેર કરવાની માનો કે સોપારી લીધી ન હોય. સાપ સૂટ પહેરે એટલે સજ્જન બની શકે નહીં!!!

માનો કે કોઇ કોઇ મુસલમાન હોય એટલે આતંકી હોય ,એ માનનીય સન્માનીય, માનવંતા સાંસદ એવા રમેશ વિધુડી નામની ભેજાગેપ પિપુડીની શોચ છે! સનાતન ધર્મની નહીં આપણો મહાન ધર્મ બે ભૂજા પહોળી કરી ઈસાઇ, યહૂદી , મુસ્લિમને અંતકરણથી આવકારે છે. પારસી લોકો દૂધમાં સાકર ભળે તેમ આપણી સાથે ભળી ગયા છે એ જ રીતે બાકીના અન્ય ધર્મી ભળી ગયા છે. સદીઓથી મગચોખા ભળી ગયા છે, એ ખીચડીમાંથી મગ અને ચોખા અલગ કરવા એ સમયના કાંટા અવળા ઘુમાવવાની બાબત છે.

મહારાષ્ટ્રમાં એક ભીંડે નામે ભેજાગેપ છે. ભેજા ફ્રાય છે. ગોલી માર ભેજેમે,,ભેજા શોર કરતા હૈ. એન આંઇડિયલ્સ માઇન્ડ ઈઝ ડેવિલ્સ ફેકટરી એવું અંગ્રેજીમાં કહેવાય છે.
મહારાષ્ટ્રના અમરાવતીમાં શિવપ્રતિષ્ઠાન હિન્દુસ્તાન સંસ્થાના સંસ્થાપક મનોહર ઉર્ફે સંભાજી ભીડેએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે.  ૭ ઓગષ્ટ ૨૦૨૩ની  રોજ નવી મુંબઈ પોલીસે ગૌતમ બુદ્ધ અને સમાજ સુધારકો મહાત્મા જ્યોતિબા ફૂલે અને પેરિયાર નાઈકર વિરુદ્ધ તેમની કથિત અપમાનજનક ટિપ્પણી માટે ફરિયાદ બાદ સંભાજી ભીડે વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. આ બડબોલા ભેજાગેપે નહેરુંને પણ છોડ્યા નથી . યવતમાળમાં વ્યાખ્યાન આપતી વખતે સંભાજી ભિડેએ કહ્યું હતું કે 'પંડિત નેહરુને ભારત પ્રત્યે જરાય પ્રેમ નહોતો. દેશ માટે તેમનું નખ જેટલુંય યોગદાન ન હોવા છતાં તેઓ વડા પ્રધાન બની ગયા હતા. સંભાજી ભિડેએ એક મહિલા પત્રકાર સાથે વાત કરવાની ના પાડી દીધી હતી. કારણ કે, તેમણે બિંદી લગાવી નહોતી. પોતાના નિવેદનોને લઈને મોટા ભાગે વિવાદોમાં રહેતા સંભાજી ભિડેએ કહ્યું કે, મહિલા ભારત માતા જેવી હોય છે, ત્યારે આવા સમયે બિંદી નહીં લગાવીને તેને વિધવાની માફક ન જોવી જોઈએ.!!

સંભાજી ભીંડે ખુદને ગુરૂજી ( એટલે કે ગુરૂ ઘંટાલ??) તરીકે ઓળખાવે છે. આવા ચક્રમને પદ્મશ્રીનું સન્માન આપવા મહારાષ્ટ્ર સરકારે ધૃતરાષ્ટ્રની જેમ ભલામણ કરી હતી. તેની સામે સરકારે રૂટિન કાર્યવાહી કરતાં માંકડને મોઢું આવી ગયું છે. તેની હિંમત વધી ગઇ છે. ભીંડેની હિંમતનો પુરાવો જુલાઈ ૨૦૨૩માં યવતમાળમાં યોજાયેલી રેલીમાં મળી ગયો!!

એક રેલીને સંબોધતા તેમણે કહ્યું કે, મહાત્મા ગાંધી મુસ્લિમ
આભાર - નિહારીકા રવિયા  જમીનદારના પુત્ર હોવાના પુરાવા છે. મોહનદાસ કરમચંદની ચોથી પત્નીના પુત્ર હતા. કરમચંદે મુસ્લિમ મકાનમાલિક પાસેથી મોટી રકમની ચોરી કરી હતી. ગુસ્સે ભરાયેલા મુસ્લિમ મકાનમાલિકે કરમચંદની પત્નીનું અપહરણ કરી પોતાની પાસે લઈ આવ્યો હતો. ત્યારબાદ તેની સાથે પત્ની જેવું વર્તન કર્યું હતું. તેથી કરમચંદ ગાંધી મોહનદાસના સાચા પિતા નથી. બલ્કે તે એ જ મુસ્લિમ જમીનદારના પુત્ર છે.બોલો, આ સત્યની તમને જાણકારી છે?? કોઇ ઈતિહાસકારે કે નવજીવન પ્રેસે પણ આવી અગત્યની જાણકારી આપી નથી. કેવો મહાપરાધ કર્યો છે. આના માટે નેશન વોન્ટસ ટુ નો નામે ચીખતા, ચિલ્લાતા અર્બન ગોસ્વામી પણ સવાલ કર્યા નથી!!કદાચ સંભાજી ભીંડે ગાંધીજીના લંગોટિયા યાર હતા અને ટાઈમ ઝોનમાં ટ્રાવેલ કરી મહત્વના પુરાવા લઈ આવ્યા છે!!
સાલ્લુ સંભાજી ભીંડાની અનાપશનાપ વાતમાં કદાચ નવટાંક વજન હોય તો મોટો કેમિકલ લોચો છે. તો તો તો પગાંધીજી ભારત દેશના રાષ્ટ્રપિતા ન કહેવાય ( ઘણા વામનો આ બાબતે વિરોધ કરે છે!!!ઈમામોના વડા ઉંમરે ઈલિયાસે ભાગવત સાહેબને રાષ્ટ્રપિતા જાહેર કરી દીધા હતા!!) હવે લોચો એ થયો છે કે લોકોને રટાવો કે ગાંધીજી ભારતના રાષ્ટ્રપિતા નહીં પણ હિન્દૌસ્તા મુલ્કના અબ્બાજાન હતા!!
ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No :366:**
વિષય: "નવલી નવરાત" ' ગરબો '
શીર્ષક: નવરાત્રી આવી
શબ્દ સંખ્યા:૬૬. પ્રકાર: પદ્ય

આવ્યા રૂડા નોરતા, લઈ હરખને ઉલ્લાસ
ચાચર ચોકે, ગબ્બર ગોખે, દીવડા પુરાવો ખાસ

રૂમઝૂમ કરતા મા નવદુર્ગા આવ્યાં
રમઝટ રમવાં રાસ......
ભક્તિ ભાવમાં બની તલ્લીન
ખેલૈયા સૌ ગરબે ઘૂમશે આજ

ધૂપ દીપ ને નૈવેદ્ય ધરાવીમાના નવ સ્વરૂપની
રોજ પુજા કરશે દાસ
સુખ સમૃદ્ધિ શાંતિ વધશે
નવદુર્ગા સહિત સકળ બ્રહ્માંડનાં દેવોની
કૃપા વરસશે આજ.

આવ્યાં રૂડાં નોરતાં,લઈ હરખ અને ઉલ્લાસ

યોગી ઉમા'શબ્દ સ્યાહી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
વિષય :- "નવલી નવરાત" (ગરબો)
શિર્ષક :- " ચાલો રમીયે રંગતાળી"
પ્રકાર :- પદ્ય. શબ્દો:- ૭૭

નવલી નવરાત આવી, મનમાં ઉમંગ લાવી,
ચાલો રમીયે રાતભર રંગતાળી.

સોળે શણગાર સજી, વહેલા આવો મૈયા મારી,
નવલી નવરાત છે મતવાલી.
તાળીયોના તાલથી, પાયલના નાદથી,
ચાલો રમીયે રાતભર રંગતાળી.
ધરતી રહી નાચી, અંબર રહ્યું ગાજી,
ઢોલ શરણાઈ નાદ કરે મન રાજી.
વાટ જોઉં મૈયા તારી, ગરબે રમે નર નારી,
ચાલો રમીયે રાતભર રંગતાળી.

રૂમઝૂમ કરતી મૈયા આવી, સિંહની સવારી લાવી,
ગુણગાન મૈયાના કરીયે રાત સારી.
ધૂપ આરતી કરીયે માંની, પ્રેમ ભક્તિ મનમાં ભરી,
"મુરલી" રમીયે રાતભર રંગતાળી.

ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No:-364***

★વિષય:- "નવલી રાત" "ગરબો"★
★શીર્ષક:- "આજ આવી નોરતાંની રાત "★
★શબ્દો:- ૭૫★
આજ આવી નોરતાંની રાત,
મા અંબાજીનો છે સાથ.

આવો બહેની, આજે ★ગરબે★ ઘૂમવાને,
સોળે શણગાર સજીને આવો રમવાને.
ચુંદડીમાં શોભે છે તારલાની ભાત.

ચોસઠ બેનડીઓ આવી ગબ્બરના ગોખમાં,
ગરબે ઘૂમે છે ચાંચરના ચોકમાં,
આવ્યો છે રૂડો આસો માસ.

નવરંગી ચુંદડી ઓઢીને આવી છે અંબા,
સોળે શણગાર સજીને આવી છે બહુચરા,
દર્શન કરવાની છે હોંશ.

માના પગમાં પાયલડી,ને નાકમાં છે નથડી,
ચૂડીઓ ખનકે છે રંગબેરંગી, ડોકમાં છે હાંસડી,
"પંકજ"- આજ મને રમવાની હામ.
★લેખકનું નામઃ- પંકજ જરીવાલા, મનસુખભાઈ એચ.મકવાણા, ઉપલેટા★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO : 161**
વિષય : નવલી નવરાત.. ગરબો
શિર્ષક : દુર્ગા માતાના નવ સ્વરૂપ
પ્રકાર : નિબંધ શબ્દો : ૨૭૮

આપણી પૌરાણિક કથા અનુસાર મહિષાસુર નામના રાક્ષસની સામે માં દુર્ગાએ નવદિવસ સુધી યુધ્ધ કરીને તેનું મર્દન કર્યુ હતુ એવા શ્રી દુર્ગા માતાનાં ચરણોમાં કોટી કોટી વંદન.

આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધીના દિવસો એટલે નોરતાં. ઉપવાસ, પૂજા અને આરાધનાના દિવસો એટલે નવરાત્રિનાં નવ દિવસો. ઘટસ્થાપના, દેવી સ્તુતિ અને મધુર ઘંટડીઓનો રણકાર એટલે નોરતાં. શ્રધ્ધા અને ભક્તિનો પર્વ એટલે રૂડાં નોરતાં. હીંદુ ધર્મ અનુસાર દુર્ગા માતાનાં નવ સ્વરૂપોને યાદ કરીને ઊજવાતો ઉત્સવ એટલે નોરતાં.
ગરબો એ બ્રહ્માંડનું પ્રતિક છે. તેમાં ૨૭ છીદ્રો હોય છે. ૨૭ છીદ્રો એટલે ૨૭ નક્ષત્રો. તેથી આવા ઘટની સ્થાપના કરી, ધૂપ-દીપ કરીને પાવન વાતાવરણમાં મધુર ઘંટડીઓનો રણકાર કરીને માતા દુર્ગાની રથ સવારીની પધરામણીની કલ્પના કરીને લોકો હોંશભેર ઉજવણી કરે છે. લોકોમાં ઉત્સાહ, ઊમંગ, થનગનાટ આપોઆપ આવી જાય છે. એ જ તો છે માં દુર્ગા તરફની અનન્ય ભક્તિ! નવે નવ દિવસના ઉપવાસ હોવા છતાં એટલી જ શ્રધ્ધાથી થાક્યાં વગર ગરબા રમવા માટે માં દુર્ગા જ શક્તિ અર્પે છે.

આમ, આપણો સૌથી લાંબો ચાલતો તહેવાર એટલે નવરાત્રિ. સાંસ્કૃતિક અને પારંપરિક પરિધાનમાં સજ્જ એવા લોકો એટલા તો રૂડા રૂપાળા લાગેછે ! આપણે આપણી માં દુર્ગાના નવે નવ સ્વરૂપને પણ યાદ કરી લઈએ.
૧ : શૈલપુત્રી.. પર્વતરાજ હિમાલયની પુત્રી.
૨ : બ્રહ્મચારિણી.. ખૂબ તપસ્યા બાદ ભગવાન શંકરને પતિ તરીકે પામ્યા.
૩ : ચદ્રઘટા : શિષ પર ચંદ્ર બીરાજે છે.
૪ : કુષ્માંડા : પોતાના ઉદરમાંથી બ્રહ્માંડને ઉત્પન્ન કર્યા.
૫ : સ્કંદમાતા : સ્કંદ અર્થાત્ કાર્તિકેયની માતા
૬ : કાત્યાયની : મહર્ષિ કાત્યાયન ઊપર પ્રસન્ન થઈને તેમના ઘેર પુત્રી તરીકેનો જન્મ
૭ : કાલરાત્રી : કાળનો નાશ કરનારી.
૮ : મહાગૌરી : વર્ણ ગોરો હોવાથી.
૯ : સિધ્ધિદાત્રી : દરેક પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરનારી.

માં દુર્ગા ના નવા સ્વરૂપનું પૂજન એ જ નવલી નવરાત. અસ્તુ !
०००० ગ્રીષ્મા પંડ્યા ००

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:335**
વિષય:–'નવલી નવરાત' 'ગરબો '
પ્રકાર:–પદ્ય
શિર્ષક:–'ગરબો '. શબ્દો:–૧૦૪

આવી નવ નોરતાંની રાતડી રે, ગરબો જામ્યો છે ચાચરના ચોકમાં,
હારે રૂડી ગરબે રમે માત (૨) ગરબો જામ્યો છે ચાચર ચોકમાં...

ગરબો તે શિર ધરી નિસર્યા રે માડી, તારું મુખડુ જોયાનો આનંદ છે,
હારે સોળે સજ્યો શણગાર, હું તો આવી તારે દ્વાર, ગરબો.....

સોના રૂપાનાં મોર ચિતર્યા રે માડી તારો ભેળિયો ભર્યાનો આનંદ છે,
હારે એમાં ભાતીગળ ભાત મેં પડાવી રૂડી આજ... ગરબો...

સાથીયા પૂર્યા મેં તો તોરણ બંધાવ્યા આસોપાલવનાં આજ મારે આંગણે,
હારે ગોખે ગોખે મેલ્યાં દીપ, જોને વાગે રૂડાં ગીત... ગરબો...

રમવું છે આજ મારે સૈયરોની સાથ આજ આનંદ ઉમંગ ચારેકોર છે,
હારે 'બીના આહીર' ગાવે આજ, રૂડો ગરબો જોને આજ... ગરબો..
??? બીના આહીર 'ધરતી ' ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 00 51**
વિષય: "નવલી નવરાત" "ગરબો"
શીર્ષક:"શણગારો ગબ્બર ગોખ રે"
શબ્દ:૨૦૯. પ્રકાર: પદ્ય

આસોએ આવી નવલી નવરાત,
શણગારો ગબ્બર ગોખ રે,
નોરતાં રે નોરતાં રે,મારી અંબે માઁના આવ્યા..!
ચાંચરના ચોકે મંડપ બંધાવું,
કંકુ કેસરના સાથિયા પુરાવું,
નોરતાં રે નોરતાં રે,મારી બહુચર માઁના આવ્યા..!
કોરી માટીનો ગરબો રે લાવું,
ગરબાની ફરતે દીવડાં કોતરાવું,
નોરતાં રે નોરતાં રે, મારી ચામુંડ માઁના આવ્યા..!
ફૂલડાં લાવીશુંને હાર ગૂંથાવશું,
હરખે પહેરાવશું હૈયાનો હાર,
નોરતાં રે નોરતાં રે,મારી કાળકા માઁના આવ્યા..!
આરતી ઉતારશુંને નૈવેદ્ય ધરાવશું,
અંતરના દેજો આશીર્વાદ રે,
નોરતાં રે નોરતાં રે, મારી નવદુર્ગા માઁના આવ્યા..!
નામ : ઉર્વશી મહેતા. અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153** વિષય:" " નવલી નવરાત " "ગરબો" શીર્ષક:"નવલી નવરાત્રી નાં નોરતાં ની રાત" પ્રકાર:પધ્ય. શબ્દો:૧૪૩
આવી નવલી નવરાત્રી નાં નોરતાં ની રાત,
પુરાં કરવાંના મારાં અધૂરાં ઓરતાની વાત,
કોલેજકાળે જે પામ્યાં હતાં સંગાથ તેની છે આ વાત,
અને જે ના પામ્યાં તેનાં સંતાપની છે આ વાત,
ઉંઘ ને ઉંઘવાં ન દેવાંની ગરબાની છે આ વાત,
સુસ્તીને જાગવાં ન દેવાંની ને ઢોલીડા નાં ઢોલને ફરતે ગુમવાંની છે આ રઢીયાળી રાત,
માતાજીની કૃપા મેળવીને ગરબા ઘુમવાં છે આ પુરી રાત,
માથે માટી ના ઘડા માં દિવો મૂકી ને તાલીઓ નાં તાલ થી ગરબો રમવાં ની છે આ વાત, પ્રેમ થી પાંગળતો પરિવાર બનાવવાં ની છે આ વાત,
મિત્રો ની મહેફિલ જમાવી મિજબાની માણવાં ની છે આ રાત,
જે અંગત છે તેની સંગત માં રંગત માણવા ની છે આ વાત,
પુરાં વર્ષ નો ઓકસીજન ભરી જીવી લેવાં ની છે આ વાત.
"જીતેન્દ્ર શાહ"સુકાન્ત"(અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG S No:-226**
વિષય:-નવલી નવરાત
રચના:- પદ્ય. શબ્દો :૨૧૭
શિર્ષક:-આવી નવલી નોરતાની રાત
આવી નવલી
આભાર - નિહારીકા રવિયા નોરતાની રાત
માડી મારી ગરબે રમવા આવ
મારી માડી તને
ખમ્મા.. ખમ્મા..ખમ્મા ખમ્મા
?આવી નવલી નોરતાની રાત
માડી અંબા માતા રમવા આવ
મારી માડી તને
ખમ્મા.. ખમ્મા..ખમ્મા ખમ્મા

?આવી નવલી નોરતાની રાત
માડી દુર્ગા માતા રમવા આવ
મારી માડી તને
ખમ્મા.. ખમ્મા..ખમ્મા ખમ્મા

?આવી નવલી નોરતાની રાત
માડી કાત્યાયની રમવા આવ
મારી માડી તને
ખમ્મા.. ખમ્મા..ખમ્મા ખમ્મા

?આવી નવલી નોરતાની રાત
માડી બ્રહ્મચારીણી તમે આવ
મારી માડી તને
ખમ્મા.. ખમ્મા..ખમ્મા ખમ્મા

?આવી નવલી નોરતાની રાત
માડી સિધ્ધિદાત્રી તમે આવ
મારી માડી તને
ખમ્મા.. ખમ્મા..ખમ્મા ખમ્મા

?આવી નવલી નોરતાની રાત
માડી જગ ઉધ્ધાર કાજે આવ
મારી માડી તને
ખમ્મા.. ખમ્મા..ખમ્મા ખમ્મા

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ' અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGGS:-370**
વિષય:-નવલી નવરાત
રચના:- પદ્ય શબ્દો :૧૩૩
શિર્ષક:- મને લાગ્યો નાવેલીનો રંગ
મને લાગ્યો નવેલીનો રંગ
★રાગ:--નંદલાલ નહિ રે જવા દઉં આજ★
આયો અશ્વિન લાવ્યો રે રંગ રાગ,આવી શારદીય નવરાત,
સખી રે હાલોને રંગ રમવા જઈએ નવરાત,
મને લાગ્યો નવેલીનો રંગ
ઢબકયા ઢોલને ઘુઘરી રણકી,મારા ઝાંઝરને ઝણકાર,
હાલ્યને હાલ્ય સખી જઈએ રમવા મન ભરી ઉમંગ.
મને લાગ્યો નવેલીનો રંગ...
પ્રથમ નોરતે શેરી વળાવીને સજ્જ થઈ રળિયાતી,
થઈ શ્રુંગારીત મનને ગમતી, રાસ રમવા હું તો હાલી.
મને લાગ્યો નવેલીનો રંગ...
અંબા અભયપદ આવી સાહેલી,બીજનો ગરબો ઝોલે ચડયો,
રંગભરી રજની માણી રહી હું તો સંગ જાણી સજણો.
મને લાગ્યો નવેલીનો રંગ.
ત્રિદેવી ત્રિજની આવી ઉરમંડપ,કાલી,બહુચર, ચામુંડમાં,
ધરણી ધમધમ થાતી અને એવો નાચી ઉઠ્યો મનમોર,
મને લાગ્યો નવેલીનો રંગ..
ચોથે ચતુરા હું તો થઈ ગઈ,મારું મન થયું તરબોળ,
પંચમે આવી સર્વે દેવીઓ, શૈલપુત્રી સોહે સજે શણગાર
મને લાગ્યો નવેલીનો રંગ
બ્રહ્મચારીણી,ચંદ્રઘંટા,આવી કુષ્માંડા દયાળ,
સ્કંદમાતા, કાત્યાયની આવ્યા છષ્ઠિની છે શુભરાત.
મને લાગ્યો નવેલીનો રંગ
સપ્તમ કાલરાત્રિ,અષ્ઠે મહા ગૌરી રમાડે મુજને રાસ,
આવ્યાં નવમીએ સિધ્ધિદાત્રીમા પુષ્પ વૃષ્ટિ થાય.
મને લાગ્યો નવેલીનો રંગ.
મહિષાસુરમર્દિની આવે રુમઝુમ,,ધરીને હાથ હથીયાર
દૈત્ય સંહાર્યો અતિ વેગે, જગમાં જયકાર થાય,
મને લાગ્યો નવેલીનો રંગ..
ભુવન સમગ્રે નાદ દુંદુભિ,વાગી રહ્યો અનહદ,
મહેક પાગલ થઈ નવેલી થન થન નાચી રહી મનભર.
મને લાગ્યો નવેલનો રંગ..

ચંદન સોલંકી "મહેક★અમદાવાદ
★અમદાવાદ★

# સાચી સમાનતા અને ન્યાય માટે રાજકારણમાં વધુ મહિલાઓની જરૂર છે

ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસની પહેલ, 'શકિત અભિયાન', શાસનના તમામ સ્તરે 'મહિલાઓના પ્રતિનિધિત્વ' દ્વારા, રાજકારણ અને નિર્ણયો લેવાની સત્તામાં 'મહિલાઓના હિતો' માટે સમાન જગ્યા બનાવવાનાં હેતુ સાથે આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધન કરતા મહિલા કોંગ્રેસના પૂર્વ પ્રમુખશ્રી સોનલબેન પટેલ, પૂર્વ સાંસદ અને સી.ઈ.સી.ના સભ્ય ડૉ. અમીબેન યાજ્ઞિક અને ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રીમતિ જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતુ કે, ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસની પહેલ, 'શકિત અભિયાન', મહિલાઓ માટે શાસનના તમામ સ્તરો જેવા કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, વિધાનસભાઓ અને સંસદમાં સમાન જગ્યા બનાવવાનો હેતુ ધરાવે છે. ઈન્દિરા ફેલોશિપ શક્તિ અભિયાનનું એક અભિન્ન અંગ છે જે ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના સન્માનમાં રાજકીય ક્ષેત્રે મહિલાઓના અવાજને વધુ મજબુત કરવા અને આપણા સમાજમાં ખૂબ જ જરૂરી પરિવર્તન લાવવાની પહેલ છે.

"એક વર્ષ પહેલાં, કોંગ્રેસ પક્ષે રાજકારણમાં મહિલાઓના અવાજને વધારવાના મિશન સાથે 'ઈન્દિરા ફેલોશિપ' શરૂ કરી હતી. આજે, આ પહેલ મહિલા નેતૃત્વ માટે એક શક્તિશાળી ચળવળરૂપે વિકસી છે."

એક વર્ષના ટૂંકા ગાળામાં, ૩૫૦થી વધુ ફેલોએ ૨૮ રાજ્યો અને ૩૦૦ તાલુકાઓમાં આશ્ચર્યજનક ૩૧,૦૦૦ સભ્યો સાથે ૪,૩૦૦ શક્તિ કલબની સ્થાપના કરી છે; જે શક્તિ અભિયાનની સ્થાપના અને સંચાલન માટે નોડલ બિંદુ તરીકે સેવા આપી રહી છે. 'આધી આબાદી, પૂરા હક' આ હેતુમાં અમારી અતૂટ પ્રતિબદ્ધતા છે. ઈન્દિરા ફેલોશિપ પ્રોગ્રામ 'હિંસા અને નફરતની' રાજનીતીને નકારી મહીલાઓના સાથ દ્વારા પ્રેમ અને ભાઈચારાની રાજનીતી લાવશે.

દેશમાં પંચાયતી રાજ સહિતની સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં મહિલા ભાગીદારી માટે અમુલ પરિવર્તન કરીને ૩૩ ટકા મહિલાઓને અનામત આપીને જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવી. દેશમાં ઐતિહાસીક નિર્ણય લઈને લોકતંત્રને મજબુતી આપનાર તત્કાલીન વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધી સ્પષ્ટરૂપે માનતા હતા કે મહિલાઓ રાજનીતિમાં નૈતિકતાની તાકાત લઈને આવશે. જે આજે સરપંચ થી સંસદ સુધી મહિલા જન પ્રતિનિધિઓ જુદા જુદા તબક્કે યોગદાન આપી રહ્યાં છે તેવું એ.આઈ.સી.સી. ઈન્દિરા ફેલોશિપ કાર્યક્રમના રાષ્ટ્રિય સંયોજકશ્રી રજનીકાંત કડે જણાવ્યું હતું.

કોંગ્રેસ પક્ષ એવી તમામ મહિલાઓને વિનંતી કરે છે કે જેઓ સમાજ અને રાજનીતિમાં વાસ્તવિક પરિવર્તન લાવવા માંગે છે તેઓ શક્તિ અભિયાનમાં જોડાય અને મહિલા-કેન્દ્રિત રાજકારણમાં સક્રિય રૂપે સહભાગી બને. શકિત અભિયાનમાં સામેલ થવાથી, તમે મજબૂત પાયાના સંગઠનો બનાવવા અને અર્થપૂર્ણ પરિવર્તન લાવવામાં યોગદાન આપશો.

શક્તિ અભિયાન સાથે જોડાવા માટે રૅજઃ//.જરકૌંફ્લ્રૈઅક્ટહૈ.હ પર નોંધણી કરો અને ૮૮૬૦૭૧૨૩૪૫ પર મીસ્ડ કોલ કરો.

# ગુજરાત ખાતેની 'કર્ણાવતી સમન્વય પરિવાર ગુજરાત' આ સંસ્થા દ્વારા ઉત્તમ ધર્મપ્રચારના કાર્ય માટે ગુજરાતના મુખ્યમંત્રીના હસ્તે સનાતન સંસ્થાનું સન્માન !

કર્ણાવતી (ગુજરાત) - 'સમન?વય પરિવાર ગુજરાત' વતીએ 'પૂર્વ શંકરાચાર્ય શ્રી ભારતમાતા મંદિર, હરિદ્વાર'ના દ્વિતીય સંસ?થાપક પ.પૂ. બ્રહ્મલીન પદ્મશ્રી સ?વામી શ્રી સત?યમિત્રાનંદ ગિરીજી મહારાજની ૯૩મી જયંતી નિમિત્તે હાલમાં જ પ.પૂ. વાલ?મીકિ સંત સંમેલન આયોજિત કરવામાં આવ?યું હતું. આ સંમેલનમાં ઉત્તમ ધર્મપ્રચારના કાર્ય માટે સનાતન સંસ?થાનું સન?માન ભાજપસહિત ગુજરાત રાજ?યના મુખ?યમંત્રી શ્રી. ભૂપેંદ્રભાઈ પટેલના હસ?તે કરવામાં આવ?યું. મુખ?યમંત્રીએ સનાતન સંસ?થાના ગુજરાત ખાતેના સાધક શ્રી. ચંદ્રશેખર કદ્રેકરને શાલ અને પ્રમાણપત્ર આપીને સન?માન કર્યું.

આ સંમેલનમાં અધ?યાતમ, ધર્મ અને રાષ?ટ્રના આધારે દેશસેવા કરનારી સેવાભાવી સંસ?થાઓનું સન?માન કરવામાં આવ?યું, તેમજ રાષ?ટ્ર-ધર્મ વિશે સંત અને અતિથીઓએ માર્ગદર્શન કર્યું. સંમેલનનો આરંભ સંત અને માન?યવરોના હસ?તે દીપપ્રજ?વલન કરીને અને શ?લોક બોલીને કરવામાં આવ?યો. ત?યાર પછી ગુજરાતના મુખ?યમંત્રી શ્રી. ભૂપેંદ્રભાઈ પટેલના હસ?તે રાષ?ટ્ર અને ધર્મ માટે સમર્પિત ભાવે કાર્ય કરનારી સંસ?થાઓનું સન?માન કરવામાં આવ?યું. આ કાર્યક્રમમાં મુખ?ય અતિથી તરીકે ઉપસ?થિત રહેલા ગુજરાતના મુખ?યમંત્રી શ્રી. ભૂપેંદ્રભાઈ પટેલે કહ્યું કે, ''સાધુ-સંતોના સનાતન વિચારોથી જ ધર્મચેતના જાગૃત થશે અને રાષ?ટ્ર નિર્માણનું કાર્ય ઘડશે. સંતોના આશીર્વાદથી ધર્મશક્તિ નિમાર્ણ થઈને ભારત વિકસિત દેશ બનશે.'' પ.પૂ. બાલયોગી મહારાજે માર્ગદર્શન કરતી સમયે કહ્યું, ''આધ?યાત?મિક શક્તિને લીધે દેશની ઉન?નતિ થશે અને ભારત વિશ?વગુરુપદ પ્રાપ?ત કરશે; એટલે આપણને ધર્મ સાથે રાષ?ટ્રસેવા પણ કરવી જોઈએ.'

# ડાંગ આહવાનાં બાઈકનાં શોરૂમનાં સંચાલકોએ માલિક સાથે દાદાગીરી કરી



આહવા

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં બોરખલ ગામ માં રહેતાં સોમનાથભાઈ રાજારામભાઈ જાદવ એ એક માસ પહેલાં આહવા માં આવેલ સુપર ઓટો નામની ડીલર પાસેથી હોન્ડા કંપની ની યુનીકોન બાઈક નં જી.જે.૩૦ એફ ૦૭૪૫ ખરીદી કરી હતી શોરૂમ માંથી બાઈક લઈ ગયાં બાઈક બાઈકનો ફયુલ કાંટો ચાલતો ન હતો જેની ફરીયાદ તાત્કાલિક શોરૂમ માં કરી હતી પરંતુ શોરૂમનાં સંચાલકો તેની ફરીયાદ કરી હતી પરંતુ સંચાલકો એ કંપની માંથી જ આ ફોલ્ટ આવ્યો છે કંપની માંથી સ્પેર પાર્ટ મંગાવ્યું છે જેથી બે દિવસ પછી આવશે કાલે આવશે તેવાં વાંરવાર બહાનાં બતાવતાં હતાં આજરોજ તા.૧-૧૦-૨૦૨૪ નાં રોજ બાઈક માલિક સોમનાથભાઈને સવારથી શોરૂમ માં બોલાવી લીધા હતાં જેથી સોમનાથભાઈ સવારે શોરૂમ પર આવી ગયાં છે તેમ બપોરે ૩ થી વાગ્યાં સુધી બેસાડી રાખ્યાં હતાં કંટાળી ગયેલાં વાહન માલિકે પત્રકારને જાણ કરતાં પત્રકાર પણ ત્યાં દોડી ગયાં હતાં શોરૂમનાં સંચાલકોને બાઈક નો ફોલ્ટ દુર કરવાં આગ્રહ કર્યો હતો પોતે પત્રકાર હોવાનું જણાવ્યું હતું તો શોરૂમનાં સંચાલકો કહેતાં અમે પત્રકાર જ છીએ માણસ આવશે તો થશે તેવું જણાવી વાહન માલિક અને પત્રકાર સાથે દાદાગીરી પર ઊતરી પડયાં હતાં મોટા મોટા અવાજ થી ગાળાગાળી કરતાં હતાં જેથી વાહનમાલિકે વાહન રિપેર કરાવી આ અંગેની ફરીયાદ હોન્ડા કસ્ટમરકેર નં.૧૮૦૦૧૦૩૩૪૩૪ પર ફરીયાદ કરી હતી જેથી કસ્ટમર માં આ ફરીયાદ નોધી યોગ્ય કાર્યવાહી કરવાનું જણાવ્યું છે

# સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિન નિમિત્તે શપથ વિધિ કાર્યક્રમ યોજાયો

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય દ્વારા તા. ૧ લી ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિનના ૨૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણીના ભાગરૂપે શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં તેમજ સ્ટાફ મિત્રોમાં રક્તદાન અંગે જાગૃતિ લાવવા, રક્તની વધતી જતી માંગને પહોંચી વળવા તથા રક્તદાનને વેગ મળે એવા શુભ આશય સાથે શપથગ્રહણ કાર્યક્રમ યોજવાનું સૂચવવામાં આવેલ. જેના અનુસંધાને આજે તા. ૧ લી ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે એન એસ.એસ. વિભાગ દ્વારા તમામ અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓ તથા સ્વયંસેવકોમાં સામાજિક સભાનતા વિકસે તે બદલ રક્તદાન અંગે જાગૃતિ લાવવા, દેશમાં વધતી જતી રક્તની જરૂરિયાતને પહોંચી વળવા અને રક્તદાનને વેગ



આપવાના ઉદ્દેશથી સ્વૈચ્છિક રક્તદાન જાગૃતિ અંગે શપથગ્રહણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૪૭ ભાઈઓ તથા ૧૬ બહેનો મળીને કુલ ૬૩ સ્વયંસેવકો/ વિદ્યાર્થીઓએ તેમજ કૉલેજના તમામ અધ્યાપકોએ સ્વૈચ્છિક રક્તદાન કરવાના શપથ લીધા હતા. આ સમગ્ર શપથવિધિ કાર્યક્રમનું આયોજન અને સંચાલન કૉલેજના અંગ્રેજી વિભાગના પ્રો. ફરહિના શેખ, સમાજશાસ્ત્ર વિભાગના ડૉ. નિતીન જાદવ અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર ડૉ. મહેશ પ્રજાપતિ દ્વારા સંસ્થાના આચાર્ય શ્રી ડૉ. એન.કે. સોનારાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# શેર બજારમાં તગડો નફાની લાલચ આપી છેતરપિંડી આચરવાના ગુનામાં ફ્રોડ કંપનીઓ બનાવનાર વધુ ચાર ભેજાબાજ ઝડપાયા

મહેસાણા જીલ્લાના વડનગર, વિસનગર, ખેરાલુ તથા સતલાસણા વિસ્તારમાં કેટલીક સંગઠીત ગેંગો ધ્વારા સમગ્ર ભારતમાં શેરબજારમાં રોકાણ કરવા ઈચ્છતા લોકોને ટાર્ગેટ કરી શેરબજારની ટ્રેડીગ કંપનીઓના એજન્ટ બની શેરબજારમાં નફો કમાવવાની ટીપ્સ આપવાની લાલચ આપી તેઓ પાસેથી નક્કી કરેલ બેન્ક એકાઉન્ટોમાં પૈસા નખાવી ૨૯ કરોડથી વધુની છેતરપીડી કરનાર અલગ-અલગ ગેંગના કુલ - ૨૯ આરોપીઓને પકડી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા ડબ્બા ટ્રેડીગ નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ત્યારે ઉપરોક્ત ગુનામાં વધુ ચાર વોન્ટેડ આરોપીઓની ધરપકડ કરી સીટ દ્વારા ઘનિષ્ઠ પુછતાછ શરૂ કરાઈ છે.મહેસાણા જીલ્લાના વડનગર, વિસનગર, ખેરાલુ તથા સતલાસણા વિસ્તારમાં સંગઠીત ગેંગો ધ્વારા સમગ્ર ભારતમાં શેરબજારમાં રોકાણ કરવા ઈચ્છતા લોકોને ટાર્ગેટ કરી શેરબજારમાં નફો કમાવી આપવાની ટીપ્સ આપવાની લાલચ આપી તેઓ પાસે શેરબજારના નામે અલગ-અલગ બેન્ક એકાઉન્ટોમાં પૈસા નખાવી તે પૈસા ઓનલાઈન ટ્રાન્જેકશન, એ.ટી.એમ. વિડ્રોલ, ચેકથી ઉપાડી છેતરપીડી આચરવામાં આવી હતી. જે અન્વયે વડનગર, વિસનગર, ખેરાલુ તથા સતલાસણા પોલીસ સ્ટેશનમાં ગુના તથા જાણવા જોગ દાખલ થઈ હતી.જેનાં પગલે રેન્જ આઈજી દ્વારા ગાંધીનગર ડિવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ડી.ટી. ગોહીલની અધ્યક્ષતામાં એક ખાસ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરાઈ છે .

# રાષ્ટ્રીય સ્વેચ્છિક રક્તદાન દિવસ ઉજવાયો



ભાવનગર બ્લડ બેન્ક દ્વારા રાષ્ટ્રીય સ્વૈચ્છિક દ્વારા ઉજવવામાં આવ્યો હતો ભાવનગરના નીલમબાગ પેલેસ ખાતે આજરોજ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પમાં હનુમંતસિંહ ચુડાસમા પોતાનું ૧૩૫ વાર રક્તદાન કર્યું જ્યારે ડો. અજય સિંહ જાડેજા ટ્રાફિક ટ્રેનરે ૭૫ વાર રક્તદાન કર્યું આ કાર્યક્રમમાં ભાવનગરના યુવરાજ સાહેબ શ્રી જયવીરસરાજસિંહ ઉપસ્થિત રહ્યા હતા તેમ જ આ પ્રસંગે ભાવનગર પોલીસ અધિક્ષક શ્રી ડો. હર્ષદ પટેલ સાહેબ ઉપસ્થિત રહી અને રક્તદાતાઓને બિરદાવ્યા હતા આ પ્રસંગે આઇબીના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર શ્રી મનીષ ઠાકર સાહેબ હાજર રહીને ૨૭મી વખત રક્તદાન કર્યું હતું આ પ્રસંગે ડીવાયએસપી શ્રી ડામોર સાહેબ આરટીઓના કડિયા સાહેબ મકવાણા સાહેબ. પૂર્વ મેયર શ્રી મેહુલભાઈ વડોદરિયા તેમજ એસઓજીના પી.આઈ સુનેસરા સાહેબ, રિટાયર્ડ ક્વઅર્જ કેઆર જાડેજા હાજર રહ્યા હતા જ્યારે જીઈબી ના યશપાલસિંહ જાડેજા તેમજ તેમનો સ્ટાફ હાજર રહ્યો હતો આ પ્રસંગે રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું જેમાં જયરાજસિંહ જાડેજાએ ૪૧ વાર ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ૨૪ વાર તેમાં જ વિશ્વરાજસિંહ જાડેજા એ પણ રક્તદાન કર્યું હતું આ પ્રસંગે ભાવંદના ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી અજીતસિંહ વાજાએ મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી ની પ્રતિમા દ્વારા હનુમનસિંહ ચુડાસમા અજયસિંહ જાડેજા અને જયરાજસિંહ જાડેજા નું મહેમાનોની હાજરીમાં સન્માન કરવામાં આવ્યું હતું

**અહેવાલ કનુભાઈ ખાચર**

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ડાંગ જિલ્લાના નડગચોંડ ખાતે 'વિશ્વ હૃદય દિવસ' ની ઉજવણી કરાઇ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર દ્વારા ફક્ત એક જ દિવસે યોગ દિવસની ઉજવણી ન કરતા, સમગ્ર વર્ષ દરમિયાન અલગ અલગ કાર્યક્રમો કરી, દરરોજ યોગ દિવસ તરીકે ઉજવી સૂર્ય નમસ્કાર કાર્યક્રમ, યોગ સ્પર્ધા, સમર કેમ્પ, કાઉન્ટ ડાઉન કાર્યક્રમો, યોગ શિબિર, યોગ જાગરણ, રેલી વગેરે કાર્યક્રમો થકી છેવાડાના માનવીઓ સુધી યોગ પહોંચે તે માટેના પ્રયત્નો કરવામા આવે છે.



જેના ભાગરૂપે ગત તારીખ ૨૯મી સપ્ટેમ્બર ને 'વિશ્વ હૃદય દિવસ'ની ઉજવણી નિમિત્તે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શિશપાલજી, અને ઝોન કક્ષાના યોગ કો ઓર્ડીનેટર શ્રીમતી પ્રીતિબેન પાંડેના માર્ગદર્શન હેઠળ, ડાંગ જિલ્લાના નડગચોંડ ગામ સ્થિત પ્રાથમિક શાળા ખાતે યોગ શિબિર યોજવામાં આવી હતી. જેમા હૃદય રોગને જડમૂળથી દૂર કરવા માટે યોગ અને પ્રાણાયામનુ મહત્વ સ્પષ્ટ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમા ૭ નવા યોગ ટ્રેનરોની ભરતી પણ કરવામા આવી હતી. આ શિબિરમા ૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. ઉલ્લેખનિય છે કે, આપણા શરીરનુ મહત્વપૂર્ણ કોઈ અંગ હોય તો તે હૃદય છે. છેલ્લા કેટલાક સમયથી હૃદય સબંધિત બિમારીઓ, અને હૃદય રોગના દર્દીઓની સંખ્યાનો ગ્રાફ ઊંચો જઈ રહ્યો છે. ઉર્ડૂના રિપોર્ટ અનુસાર, હૃદય રોગ માટે મુખ્યત્વે જવાબદાર પરિબળોમા ખરાબ જીવન શૈલી, ખાવા પીવાની ખોટી આદતો, ખરાબ કોલેસ્ટ્રોલ, સ્થૂળતા, અથવા વધારે વજનનો સમાવેશ થાય છે. આજના આધુનિક યુગમા હૃદય રોગનુ યુવાનોમા પણ વધુ પ્રમાણ જોવા મળી રહ્યુ છે.

# નેનપુર હાઇસ્કુલમાં વિજ્ઞાન મેળા ૨૦૨૪ યોજાયો









જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કઠલાલ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, નડિયાદ દ્રષ્ટિ શાળા વિકાસ સંકુલ, મહેમદાવાદ તથા પ્રમુખસ્વામી વિનય મંદિર, નેનપુરના સંયુક્ત ઉપક્રમે આયોજિત એસ.વી.એસ કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪/૨૫ વિષય ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને તકનીકી યોજવામાં આવ્યો. વિજ્ઞાન મેળામાં અધ્યક્ષ તરીકે રાજ્ય અને રાષ્ટ્રીય પારિતોષિક આચાર્યશ્રી વિનયભાઈ. એસ. પટેલના યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીના વર્ગ બેના અધિકારી શિક્ષણ નિરીક્ષક શ્રી અલ્પેશભાઈ પટેલ સાહેબ મદદની શ શિક્ષણ નિરીક્ષકશ્રી મહેન્દ્રસિંહ ડાભી સાહેબ તેમજ ખેડા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ અને દ્રષ્ટિ શાળા વિકાસ સંકુલના કન્વીનરશ્રી રજનીભાઈ પટેલ સાહેબ, ડાયટ કઠલાલના સિનિયર લેક્ચર ડો. ભરતભાઈ અગ્રવાલ સાહેબ, ભાનેર હાઈસ્કુલના આચાર્યશ્રી બ્રિજેશભાઈ પટેલ , સંચાલક મંડળના મહામંત્રીશ્રી પ્રદીપભાઈ બ્રહ્મભટ્ટ અને વિદ્યા વિકાસ મંડળ નેનપુરના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, મંત્રીશ્રી અને ટ્રસ્ટીશ્રીઓ તેમજ આચાર્યશ્રી વિપુલભાઈ પટેલના વડ પણ હેઠળ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન સોમવારના રોજ યોજવામાં આવ્યું હતું.

આ વિજ્ઞાન મેળામાં મહેમદાવાદ તાલુકાની બધી સ્કૂલોએ ભાગ લીધો હતો. વિવિધ વિભાગોમાં પોતાની કૃતિ રજૂ કરી હતી. નિર્ણાયકોએ પારદર્શક રીતે જેની ગુણવત્તા અને થીમ યોગ્ય હતો તેમણે જ નંબર આપ્યો છે. કાર્યક્રમનું સમગ્ર સંચાલન અમારી શાળાના શિક્ષક હિતેશભાઈ ગળીયા સાહેબ કર્યું હતું. આમંત્રિત મહેમાનોને મોમેન્ટો, શાલ, અગનપંખ બુક અને હાર પહેરાવીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ૩૫ શાળાઓએ વિજ્ઞાન મેળામાં પોતાની વિવિધ વિભાગમાં કૃતિઓ રજૂ કરી હતી. વિજ્ઞાન મેળામાં શાળાના ૫૦૦ બાળકો અને પ્રાથમિક શાળાના ૪૫૦ બાળકોએ વિવિધ કૃતિઓને નિહાળી હતી. મહેમદાવાદ તાલુકાના તમામ આચાર્યશ્રીઓ હાજર રહ્યા હતા વિજ્ઞાન મેળામાં જમણવારની સંપૂર્ણ વ્યવસ્થા આયોજન બદ્ધ હતી. ચા, કોફી, નાસ્તો પૌષ્ટિક રીતે રાખવામાં આવ્યો હતો.જે શાળાઓએ ભાગ લીધો હતો તે શાળાઓને પુરસ્કાર સ્વરૂપે પરીક્ષામાં લખવાના પેડ, પેન, પ્રમાણપત્ર અને ઉંચી ગુણવત્તા વાળું ફાઈલ ફોલ્ડર અર્પણ કરી વિજ્ઞાન મેળા સંપન્ન કરવામાં આવ્યો હતો.

સમાપનના સમયગાળા દરમિયાન 'દ્રષ્ટિ' શાળા વિકાસ સંકુલના રજનીભાઈ સાહેબે સૌને શુભેચ્છા પાઠવી હતી તેમજ શાળાના આચાર્યશ્રી વિપુલભાઈ પટેલે અધતન આયોજનબદ્ધ વિજ્ઞાન મેળો યોજવા બદલ ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવી હતી. વિજ્ઞાનની કૃતિઓ નિર્ણાયકોએ પારદર્શક રીતે પસંદ કરી સંકુલના કન્વીનરશ્રી ને તે જ દિવસે પસંદ થયેલી કૃતિઓનું રોજકામ અને પરિણામ મોકલી આપવામાં આવ્યું હતું.

પ્રમુખસ્વામી વિનય મંદિર નેનપુરમાં શ્રેષ્ઠ રીતે વિજ્ઞાન મેળો યોજાયો તે બદલ ૩૫ શાળાઓએ ખુશી વ્યક્ત કરી હતી. આયોજન અને અમલીકરણ અદભુત રહ્યું તેઓ તમામ શિક્ષક મિત્રોએ અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના અધિકારીશ્રી તેમજ ડાયટ કઠલાલના સીરીયલ લેક્ચરશ્રી ડો .ભરતભાઈ અગ્રવાલ સાહેબે સરાહના કરી હતી.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કઠલાલ દ્વારા પ્રમુખસ્વામી વિનય મંદિર નેનપુરને વિજ્ઞાન મેળો યોજવા માટે સંમતિ અને સહકાર આપ્યો છે. તે બદલ હૃદયથી આભાર વ્યક્ત કરીએ છીએ. આવનાર સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજી નો વ્યાપક પ્રચાર પ્રસાર થાય અને બાળકોમાં વિજ્ઞાનનું મૂલ્ય વધે તેવા વિજ્ઞાન મેળાઓ આજના સમયની તાપી જરૂરિયાત છે.

આચાર્યશ્રી વિપુલ. ડી. પટેલ પ્રમુખ સ્વામી વિનય મંદિર, નેનપુર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.